# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 18-04-2024 Evening : 7.50 to 8.00
Day : Thursday National News

**આકાશવાણી સમાચાર ચૈતાલી જોષી વાંચે છે.**

************************************************

- લોકસભાની પહેલા તબક્કાની આવતીકાલે યોજાનારી ચૂંટણીમાં 17 રાજ્યો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોની 102 બેઠકો માટે મતદાન થશે
- ગુજરાતની લોકસભાની 26 બેઠકોની સામાન્ય ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાનો આવતીકાલે છેલ્લો દિવસ
- કેન્દ્રિય મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે લોકસભાની ચૂંટણીમાં મતદાન કરીને પોતાની જવાબદારી અદા કરવા નાગરિકોને અનુરોધ કર્યો છે.
- લોકસભાની પહેલા બે તબક્કાની ચૂંટણી માટેનો પ્રચાર વેગવાન બની રહ્યો છે.
- ભારતે સ્વદેશી ટેકનોલોજી વડે બનાવેલી ક્રૂઝ મિસાઇલનું આજે સફળ પરિક્ષણ કર્યું છે.
- ઇરાન દ્વારા કબજે લેવાયેલ માલવાહક જહાજ એરિસના ભારતીય ચાલક દળના મહિલા સભ્ય એન.ટી. જોસેફ આજે કોચીન પહોંચી ગયા છે.
- યુરોપિયન સંઘના અગ્રણીઓએ ઇરાન દ્વારા ઇઝરાયલ ઉપર કરાયેલા હુમલાના પગલે ઇરાન સામે નવા પ્રતિબંધો લાદવાનો નિર્ણય કર્યો છે.

**********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# Election

લોકસભાની પહેલા તબક્કાની આવતીકાલે યોજાનારી ચૂંટણીમાં 17 રાજ્યો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોની 102 બેઠકો માટે મતદાન થશે. મતદાન આવતીકાલે સવારના સાત વાગ્યાથી શરૂ થશે. કેન્દ્રિય ચૂંટણી પંચે પહેલાં તબક્કામાં એક લાખ, 63 હજાર મતદાન મથકો ઉભા કર્યા છે. પહેલા તબક્કામાં 16 કરોડ, 63 લાખ, મતદારો મતદાનનો અધિકાર ધરાવે છે.

પહેલા તબક્કાના મતદાનમાં ભાજપના નીતિન ગડકરી, સર્વાનંદ સોનોવાલ, કિરણ રિજીજુ અને જીતેન્દ્રસિંહ તેમજ કોંગ્રેસના ગૌરવ ગોગોઈ, કાર્તિ ચિંદમ્બરમ, અને ડીએમએકના દયાનિધિ મારન સહિત કુલ એક હજાર, 625 ઉમેદવારોનું રાજકીય ભવિષ્ય આવતીકાલે મતદારો નિર્ધારિત કરશે.

ગુજરાતની લોકસભાની 26 બેઠકોની સામાન્ય અને રાજ્યવિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકોની પેટાચૂંટણી માટે આગામી સાતમી મેના રોજ મતદાન થશે. તે માટેના  ઉમેદવારી પત્રો ભરવાનો આવતીકાલે છેલ્લો દિવસ છે. ઉમેવારીપત્રોની ચકાસણી 20મી એપ્રિલ થશે જ્યારે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ 22મી એપ્રિલ હોવાથી ચૂંટણી જંગમાં કેટલા ઉમેદવારો રહ્યા છે તેની માહિતી 22મી સાંજે થશે.

ઉલ્લેખનીય છે કે, સાતમી મે ના રોજ ત્રીજા તબક્કાની લોકસભાની ચૂંટણીમાં 10 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોની 94 બેઠકો માટે મતદાન થવાનું છે.

.......2.......

દરમિયાન લોકસભાની ચોથા તબક્કાની 13મી મે ના રોજ યોજાનારી ચૂંટણી માટે આજે જાહેરનામું બહાર પડતા ઉમેદવારી પત્રો સ્વીકારવાનો પ્રારંભ થયો છે. ચોથા તબક્કામાં નવ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની લોકસભાની 96 બેઠકો માટે મતદાન થવાનું છે. આ માટે આગામી 25મી એપ્રિલ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે.

# Chief Election Commissioner

કેન્દ્રિય મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે લોકસભાની મોટી સંખ્યામાં મતદાન કરીને પોતાની જવાબદારી અદા કરવા નાગરિકોને અનુરોધ કર્યો છે. તેમણે આકાશવાણી સમાચાર સાથેની વાતચીતમાં કહ્યું કે મતદાન એ દરેક નાગરિક અને સમગ્ર દેશ માટે જરૂરી છે.

ભૂતકાળમાં ઘણી પરિસ્થિતિમાં એક મત ખૂબ જ મહત્વ ધરાવતો હોવાની વાત પૂરવાર થઈ છે. આથી મતદારોએ મતદાનને ઓછું આંકવું ન જોઈએ. શ્રી રાજીવકુમારે જણાવ્યું કે, દેશના નાગરિકોની ઉત્સાહભેર સહભાગિતાના કારણે ભારતીય લોકશાહીના ઇતિહાસમાં અત્યાર સુધીની ચૂંટણીઓ નિયમિત રીતે, સરળતાથી અને ઉચ્ચ ગુણવત્તા સાથે યોજી શકાઈ છે.

તેમણે ચૂંટણી પંચ દ્વારા મતદારોને પાયાની સુવિધાઓ સુનિશ્ચિત કરવા કરાયેલી વ્યવસ્થાની જાણકારી આપી હતી. 85 વર્ષથી વધુના ઉંમરના અને દિવ્યાંગ મતદારો પોતાના નિવાસસ્થાનેથી સરળતાથી મતદાન કરી શકે તે માટે પણ વ્યવસ્થા કરાઈ છે.

મુખ્ય ચૂંટણી કમિશનરે ઉનાળાની ઋતુને ધ્યાનમાં રાખીને જરૂરી તમામ તકેદારીઓ રાખવા મતદારોને અપીલ કરી છે.

# CAMPAIGNING

લોકસભાની પહેલા બે તબક્કાની ચૂંટણી માટેનો પ્રચાર વેગવાન બની રહ્યો છે. બધા જ રાજકીય પક્ષોના અગ્રણીઓ મતદારોને રીઝવવા વિવિધ સ્થળે જાહેરસભાઓ અને રોડ શો યોજી રહ્યા છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રિય મંત્રી અમિત શાહે આજે ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં સાણંદ અને કલોલ ખાતે રોડ શો યોજ્યા હતા અને તેઓ આજે અમદાવાદમાં ચૂંટણી રેલીને સંબોધશે. શ્રી અમિત શાહ ગુજરાતની ગાંધીનગરની બેઠક પર ઉમેદવારી પત્ર આવતીકાલે ભરશે. એવી જ રીતે ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રિય મંત્રી રાજનાથસિંહ આજે સાંજે કેરલાપુરમ ખાતે એક જાહેર સભાને સંબોધશે. પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા આવતીકાલે વેલ્લાપલ્લી ખાતે પોતાના પક્ષના ઉમેદવાર માટે પ્રચાર કરશે.

ભાજપના નેતા અને બંગાળ વિધાનસભામાં વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ આજે ઉત્તર દિનાજપુરમાં ચૂંટણી સભા સંબોધી હતી. જ્યારે તૃણમુલ કોંગ્રેસના વડા અને બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આજે ઉત્તર દિનાજપુરમાં ચૂંટણી સભામાં બોલતા ભાજપ કેન્દ્રિય સંસ્થાઓનો ટીએમસી સામે દુરૂપયોગ કરી રહ્યો હોવાનો આક્ષેપ કર્યો છે.

દરમિયાન કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી આજે કન્નુર અને કાસારગોડમાં જાહેરસભાઓને સંબોધી હતી. સીપીઆઈના મહામંત્રી ડી. રાજા પોતાના પક્ષના ઉમેદવારો માટે ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. સીપીઆઈએમના મહામંત્રી સીતારામ યેચુરીએ કોઝીકોડેમાં ચૂંટણી સભા સંબોધી હતી.

.......2.......

મહારાષ્ટ્રની અકોલાની લોકસભાની બેઠક ઉપર ભાજપના વર્તમાન સાંસદ સંજય ધોત્રેના પુત્ર અનુપ ધોત્રે અને વંચિત બહુજન અઘાડીના ઉમેદવાર તથા બાબસાહેબ આંબેડકરના પૌત્ર પ્રકાશ આંબેડકર વચ્ચે સીધો જંગ હોવાથી અહીં ચૂંટણી પ્રચાર મહત્વનો બની રહ્યો છે.

# Cruise Missile

ભારતે સ્વદેશી ટેકનોલોજીની મદદથી બનાવેલી ક્રૂઝ મિસાઇલનું આજે ઓડિશાના ચંડીપુર ખાતેની સંકલિત પરિક્ષણ રેન્જ ખાતે સફળતાપૂર્વક પરિક્ષણ કર્યું છે. સંરક્ષણ મંત્રાલયની યાદીમાં જણાવ્યા મુજબ ક્રૂઝ મિસાઇલના આ ઉડ્ડયન પરિક્ષણથી  દેશની ગેસ ટર્બાઇન રિસર્ચ સંસ્થાના વૈજ્ઞાનિકો વડે વિકસાવેલી પ્રક્ષેપણ વ્યવસ્થાની વિશ્વસનિયતા પૂરવાર થઈ છે. આ મિસાઇલ વધુ સારી રીતે કામગીરી કરી શકે તે માટે ખાસ સોફ્ટવેર તૈયાર કરાયું છે.

સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા (DRDO)ના વૈજ્ઞાનિકોને અભિનંદન આપ્યા છે. તેમણે આ સફળ પરિક્ષણને લાંબા અંતરની ક્રૂઝ મિસાઇલ ટેકનોલોજી માટે સીમાચિહ્ન ગણાવ્યું છે.

# Indian Woman Cadet

વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે, ઇરાન દ્વારા કબજે લેવાયેલ માલવાહક જહાજ એરિસના ભારતીય ચાલક દળના એક માત્ર મહિલા સભ્ય એન.ટી. જોસેફ આજે કોચીનના આંતરરાષ્ટ્રીય વિમાન મથકે સલામત રીતે પહોંચી ગયા છે. વિદેશ મંત્રાલયની યાદીમાં જણાવ્યું છે કે, તહેરાન ખાતેના ભારતીય મિશન અને ઇરાન સરકારના સંયુક્ત પ્રયાસના પરિણામે કેરળના એન. ટી. જોસેફ ભારત પાછા ફરી શક્યા છે. ઇરાન ખાતેનું ભારતીય મિશન ઇરાન દ્વારા જપ્ત કરાયેલા જહાજ પરના બાકી રહેલાં 16 ભારતીય ચાલક દળના સભ્યોને મુક્ત કરાવવા પ્રયાસ કરી રહ્યું છે.

વિદેશમંત્રાલયની યાદીમાં જણાવ્યું છે કે, ઇરાન દ્વારા બંધક બનાવાયેલ ભારતીય ચાલકદળના તમામ સભ્યોનું આરોગ્ય સારું છે અને તેઓ પોતાના ભારતમાં રહેલાં પરિવારજનો સાથે સંપર્કમાં છે.

ઉલ્લેખનીય છે કે, વિદેશ મંત્રી એસ. જયશંકરે ઇરાનના વિદેશમંત્રી આમીર અબ્દોલાહીયાન સાથે આ મુદ્દે અગાઉ મંત્રણા કરી છે.

# EU-IRAN

યુરોપિયન સંઘના અગ્રણીઓએ ઇરાન દ્વારા ઇઝરાયલ ઉપર ડ્રોન અને મિસાઇલ વડે કરાયેલા હુમલાના પગલે ઇરાન સામે નવા પ્રતિબંધો લાદવાનો નિર્ણય કર્યો છે. બ્રેસેલ્સમાં યોજાયેલી બે દિવસીય પરિષદમાં ચર્ચાના અંતે આ નિર્ણય લેવાયો છે.

યુરોપિયન સંઘના અગ્રણીઓએ બધા જ પક્ષોને સંયમથી વર્તવાની અપીલ કરી છે અને કોઈપણ કામગીરી વડે મધ્યપૂર્વમાં તનાવની સ્થિતિ ઉભી ન થાય તેવી તકેદારી લેવા અપીલ કરી છે.

ઉલ્લેખનીય છે કે, ઇરાને તાજેતરમાં ડ્રોન અને મિસાઇલ વડે ઇઝરાયલ ઉપર અસાધારણ હુમલો કર્યો હતો.

# TEMPRATURE

હવામાન વિભાગે ઓડિશા, તમિલનાડુ, આંધ્રપ્રદેશ અને પશ્ચિમ બંગાળના ઘણા વિસ્તારોમાં આગામી ત્રણ દિવસ દરમિયાન ગરમીનું તીવ્ર મોજું ફરી વળે તેવી સંભાવના દર્શાવી છે.

ગરમીના મોજાના પગલે સંબંધિત વિસ્તારોમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસથી વધુ રહેવાની શક્યતા છે. ઝારખંડ, ઉત્તર કોંકણ, સૌરાષ્ટ્ર, મધ્ય મહારાષ્ટ્ર, તેલંગાણા, તમિલનાડુ અને પુડુચેરીમાં પણ ગરમીના મોજાની સંભાવના છે.

આકાશવાણી સમાચાર સાથે વાત કરતા, હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક, આર કે જેનામાનીએ લોકોને સાવચેતી રાખવાની સલાહ આપી છે. તેમણે દિલ્હી, રાજસ્થાન, પંજાબ અને હરિયાણામાં કેટલાંક સ્થળોએ હળવા વરસાદની શક્યતા હોવાનું જણાવ્યું હતું. હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદની સંભાવના છે.

# FSSAI-NESTLE.rtf

ભારતીય અન્ન સલામતી અને ધારાધોરણ સત્તામંડળ – FSSAI એ સ્વિસ તપાસ સંસ્થાના અહેવાલના આધારે નેસ્લે કંપનીના બે વર્ષ સુધીના બાળકો માટેના દૂધના પાઉડરના ઘટક દ્રવ્યોની તપાસ શરૂ કરી છે.

ઉલ્લેખનીય છે કે, સ્વિસ તપાસ સંસ્થાના અહેવાલમાં જણાવ્યું છે કે, ઓછા અને મધ્યમ આવકવાળા દેશોમાં વેચાતા બે વર્ષ સુધીના બાળકો માટેના દૂધના પાઉડરમાં ખાંડ ઉમેરી છે. જ્યારે આ બ્રાન્ડની વિકસિત દેશોમાં વેચાતી દૂધની પાઉડરમાં ખાંડ ઉમેરવામાં આવતી નથી. આ અહેવાલના પગલે FSSAI એ નેસ્લે કંપનીના બે વર્ષ સુધીના બાળકો માટેના દૂધના પાઉડરના ઘટક દ્રવ્યોનું તપાસ શરૂ કરી છે.

# Jaishankar

ભારતની મુલાકાતે આવેલા અફઘાનિસ્તાનમાં સંયુક્ત રાષ્ટ્ર સંઘના સહાય મિશનના ખાસ પ્રતિનિધિ રોઝ, ઓતુનબાયેવાએ આજે દિલ્હીમાં વિદેશમંત્રી એસ. જયશંકર સાથે અફઘાનિસ્તાનની વર્તમાન પરિસ્થિતિ અંગે મંત્રણા કરી છે. તેમણે અફઘાનિસ્તાનમાં સહાય મિશન ચલાવનાર રાષ્ટ્ર સંઘની બધી જ સંસ્થાઓના પ્રતિનિધિઓની કામગીરીને બિરદાવી છે.

શ્રી જયશંકરે સુશ્રી રોઝાને અફઘાનિસ્તાનમાં ભારતે મોકલેલી દવાઓ, શાળાઓ માટેના સાધનો અને ઘઉં વગેરેની વિગતો આપી હતી.

# IREDA- GIFT CITY

નેશનલ ગ્રીન હાઇડ્રોજન મિશનના આગામી 2030 સુધીમાં વાર્ષિક 50 લાખ મેટ્રિક ટનથી વધુ હાઇડ્રોજન ઉત્પાદનના મહત્વાકાંક્ષી લક્ષ્યાંકને હાંસલ કરવામાં ઊર્જા સંગ્રહ નિર્ણાયક ભૂમિકા ભજવશે..

ભારતીય પુનઃપ્રાપ્ય ઉર્જા વિકાસ એજન્સી IREDAના અધ્યક્ષ અને મેનેજિંગ ડિરેક્ટર પ્રદિપ કુમાર દાસે અબુધાબીમાં તાજેતરમાં યોજાયેલી વિશ્વની ભાવિ ઉર્જા અંગેની પરિષદમાં આયોજિત "લાંબા સમયગાળાના ઉર્જા સંગ્રહ માટે ભાવિ વૃદ્ધિની તકો" પર પેનલ ચર્ચામાં ભાગ લેતાં આ મુજબ જણાવ્યું હતું...

તેમણે સ્ટોરેજ ટેક્નોલોજીની પ્રગતિ માટે ખર્ચ ઘટાડવા અને સંશોધન અને વિકાસના પ્રયાસો વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે એનર્જી સ્ટોરેજ હેતુથી પુરવઠાની શ્રેણીના નેટવર્કને મજબૂત બનાવતી નીતિઓના અમલીકરણની જરૂરિયાતો સમજાવી હતી. તેમણે કહ્યું કે, IREDAએ ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં ઓફિસ શરૂ કરી છે, જે વિદેશી ચલણમાં ધિરાણના વિકલ્પો પુરા પાડશે.

# IPL

આઈપીએલ ક્રિકેટ સ્પર્ધાની આજે મુલાનપુરમાં રમાઈ રહેલી લીગ મેચમાં પંજાબ કિંગ્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મુકાબલો થઈ રહ્યો છે. પંજાબ કિંગ્સ ટીમે ટોસ જીતીને ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો છે.

છેલ્લાં સમાચાર મળ્યા ત્યારે મુંબઈ ઇન્ડિયન્સે બે ઓવરમાં એક વિકેટે 18 રન કર્યા છે.